## જન્મદિને વધામણી



નટુભાઈ કે દરજી
મો. ૯૮૨૪૬૯૧૯૨૬



પંકજ બી દેસાઈ
મો. ૮૪૦૧૦ ૩૩૧૦૫



રીટાબા સોલંકી

## યોગ દિવસ સ્પેશિયલ



૮૯ વર્ષની વયના ડૉ. અનિલ ઉનાકર યોગાભ્યાસના ફાયદાનું જીવતું-જાગતું ઉદારણ છે. કોઈપણ જાતના રોગ વિના તેઓ સ્વસ્થ જીવન જીવી રહ્યા છે. છેલ્લાં ૪૫ વર્ષથી તેઓ યોગસાધના કરી રહ્યા છે, જેના પરિણામે તેમને આ સ્વાસ્થ્ય મળ્યું છે એવું તેમનું દઢપણે માનવું છે.



વાવોલની નિવાસી યુવતિ મૈત્રી જયેશ ત્રિવેદી શ્વાસની તકલીફથી પીડાતી હતી. અનેક ઉપાયો કર્યા પછી તેણે યોગનો સહારો લીધો અને માત્ર ત્રણ જ માસમાં તેમને તેમની આ તકલીફથી છૂટકારો મળી ગયો. યોગ આટલો ચમત્કારી હશે એવું નહોતું ધાર્યું, એવું મૈત્રી જણાવે છે.

# એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે એનએસએસના પ્રવૃત્તિના નવા વર્ષનો પ્રારંભ



## વિદ્યાર્થીઓને યોગ દિવસના સંદર્ભમાં યોગની પ્રૅક્ટિસ કરાવવામાં આવી

ગાંધીનગર, તા. ૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે એનએસએસ પ્રવૃત્તિ ઉદ્દઘાટન કાર્યક્રમ અને યોગા દિવસના પ્રૅક્ટિસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આર જી કન્યા વિદ્યાલય અને આર સી પટેલ હાઈસ્કૂલના એનએસએસ કૅડેટ્સ પણ ઉપસ્થિત રહ્યા હતા. ત્રણેય શાળાના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન, સુધાબેન પટેલ અને વિનોદભાઈ ઉપરાંત કૅમ્પસ ડિરેક્ટર સોમભાઈ પટેલે મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત યોગગુરૂ કાનજીભાઈ બાવરી સાથે મળીને દીપ પ્રાગટ્યથી એનએસએસ પ્રવૃત્તિના નૂતન વર્ષનો પ્રારંભ કરાવ્યો હતો. લકુલેશ યુનિવર્સિટીનાં પારૂલબેન મહેતા અને પારૂલબેન પટેલ દ્વારા વિદ્યાર્થીઓને યોગ દિવસના સંદર્ભમાં યોગની પ્રૅક્ટિસ કરાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એનએસએસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. વર્ષા પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રી જે બી પ્રાઈમરી સ્કૂલ ખાતે શાળા પ્રવેશોત્સવની ઉત્સાહપૂર્ણ ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાઈમરી સ્કૂલ ખાતે પ્રવેશોત્સવનું આયોજન ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવ્યું હતું.

વિદ્યા અમારી શક્તિ છે, વિદ્યા અમારી ભક્તિ છે, વિદ્યા અમારી સંપત્તિ છે, દરેક બાળકને ભણાવો, આવો પ્રવેશોત્સવ મનાવો... જેવા નારા સાથે વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. દરેક બાળકે વિદ્યાની દેવી મા સરસ્વતીને વંદન કરીને શાળામાં પ્રવેશ કર્યો હતો. બાળકોએ સુંદર વેશભૂષામાં તૈયાર થઈને વાતાવરણને રંગીન બનાવ્યું હતું. શાળા પરિવારે બાળકોને આશીર્વાદ સહ શુભકામનાઓ પાઠવી હતી.

# આપણો તો દરેક દિવસ - યોગ દિવસ



દુનિયા આખી આજે યોગ દિવસની ઉજવણી કરી રહી છે ત્યારે આ તસવીર એટલા માટે પ્રસ્તુત છે કે એમાં એક એવા યોગવીરની વાત છે, જેમના માટે દરેક દિવસ એ યોગદિવસ છે. યોગવીરનું નામ છે શ્રી સતપ્રકાશ સુરી, જે છેલ્લાં પચીસ વર્ષ અને છ મહિનાથી અવિરત એક જ સ્થળે, એક જ સમયે યોગના તાલીમ વર્ગ ચલાવે છે. આશ્ચર્ય થશે વાચકોને એ જાણીને કે ૮૬ વર્ષની વયના સુરીજીએ આટલાં વર્ષોથી એકપણ રજા રાખ્યા વિના આ તાલીમ વર્ગો ચલાવ્યા છે. શિયાળો, ઉનાળો કે ચોમાસું - કોઈપણ ઋતુમાં એમના વર્ગો સવારે સમયસર શરૂ થઈ જ જાય છે. હૃદયરોગ, સાઈટીકા, માઈગ્રેનના અનેક દર્દીઓએ તેમની પાસેથી યોગની તાલીમ લઈ આ હઠીલા રોગોને ભગાવ્યા છે તો અનેકે આ યોગની ભેટથી પોતાનાં શરીર સ્વસ્થ પણ રાખ્યાં છે.

# યોગ દિવસ નિમિત્તે નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા આજે યોગ નિદર્શન અને યુવા સંમેલન

ગાંધીનગર, તા. ૨૦

નેહરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા આ યોગ દિવસ ની ઉજવણી નિમિત્તે જિલ્લાના ચાર તાલુકાઓમાં યુથ પાર્લામેન્ટનું આયોજન કરી યોગ નિદર્શન કરવામાં આવનાર છે. આ અંગે માર્ગદર્શિકા તેમજ વિડીઓ ફિલ્મ પણ દર્શાવવાનું પણ આયોજન કરેલ છે. ૨૧ મી જૂનના દિવસે ગાંધીનગર જીલ્લાના યુવા મંડળો, મહિલા મંડળો, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા યુવા મિત્રોને યોગ નિદર્શન કાર્યક્રમમાં વિવિધ સ્થળે જોડવામાં આવશે.

નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા સ્વર્ણિમ પાર્ક ખાતે તથા યુથ હોસ્ટેલ ખાતે પણ યોગ નિદર્શનનું આયોજન તારીખ ૨૧.૦૬.૨૦૧૮ ના રોજ ગુરુવારે સવારે ૬.૩૦ થી ૭.૩૦ કલાક દરમ્યાન યોજેલ છે. આ ઉપરાંત દિવસે સવાર ના ૮.૦૦ કલાકે દેવકરણના મુવાડા(દહેગામ), આમજા(કલોલ), પુન્દ્રા (માણસા) અને રાંધેજા (ગાંધીનગર) વગેરે સ્થળોએ પણ યોગ નિદર્શન અને યુવા સંમેલન યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત સવારે ૧૧.૦૦ કલાકે યુથ હોસ્ટેલ સેકટર ૧૬, ગાંધીનગર ખાતે એક યુવા સંમેલનનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં યોગ નિદર્શન ઉપર ફિલ્મ તેમજ શો તથા વિવિધ ફ્લેગશીપ યોજનાઓ વિષે તજજ્ઞો દ્વારા માર્ગદર્શન કરવામાં આવશે. યુવા સંમેલન પૂર્ણ થયા બાદ ઉપસ્થિત યુવા કાર્યકરો માટે ભોજન વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. યુવા સંમેલન માં ઉપસ્થિત રહેવા જિલ્લાના સૌ યુવાઓને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# નાદરી ચાંદીસણા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો



જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત નાદરી ચાંદીસણા પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવતા ધોરણ-૧ના વિદ્યાર્થીઓ માટે શાળા પ્રવેશોત્સવની ઉજવણી ઉત્સાહપૂર્ણ રીતે કરવામાં આવી હતી. રંગજ્યોત હાઈસ્કૂલ ખાતે આ ઉજવણી હાથ ધરાઈ હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડના વાઈસ ચેરમેન તથા અમદાવાદ મહાનગરપાલિકાનાં પ્રથમ મહિલા મેયર ભાવનાબેન દવે ઉપસ્થિત રહ્યાં હતાં.

## સંજીવની હૉસ્પિટલ દ્વારા આજે યોગ દિવસની અનોખી ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૨૦

અમદાવાદમાં શારદા મંદીર, ખાતે આવેલી સંજીવીની સરકારી આયુર્વેદ હોસ્પિટલ માં વિશ્વ યોગ દિન, તારીખ ૨૧ જૂનના રોજ યોગ પ્રશિક્ષણ શિબિર રાખવામા આવેલ છે. અને તેની સાથોસાથ વિવિધ રોગોના નિષ્ણાતો યોગ નિદર્શન અને રોગ વિષયક વ્યક્તવ્ય આપશે.

આ અંગે માહિતી આપતા ડો. નિલેશ એન વૈદ્યે છે કે તારીખ ૨૧થી ૨૭ જૂન દરમ્યાન ડાયાબીટીશ, માનસીક રોગો, વર્ષારૂતુના રોગો તથા અન્ય રોગો ઉપર સેવા અને સારવાર આપવામા આવશે અને વિના મુલ્યે નિદાન અને દવા આપવામાં આવશે. સૌ નાગરિકોને આ સેવાનો લાભ લેવા તેમણે વિનંતી કરી છે.

ઉપક્રમ અંતર્ગત ડો. નીલેશ વૈદ્ય-ડાયાબિટીશ ડો. નેહાબેન પટેલ-સ્વસ્થવ્રુત અને ગર્ભ સંસ્કાર, શ્રીમતી બિના બેન શાહ-પ્રાણાયામ, ડો. વૈશલ વોરા-માનસીક રોગો,, બ્રહ્માકુમારી નયના દીદી - ધ્યાન,અને ડો. શિતલ બેલાણી - વર્ષા ઋતુના રોગો ઉપર સલાહ અને સારવાર આપશે. ઉલ્લેખનીય છે કે સંજીવની સરકારી હોસ્પિટલમાં દર્દીઓને વિના મુલ્યે વિવિધ રોગોની તપાસ કરીને દવા આપવામા આવે છે અને સાથોસાથ શરીર શુદ્ધિ માટે પંચકર્મ સારવાર જેવા અનેકવિધ ઉપચારો પણ વિના મુલ્યે કરવામાં આવે છે.

# વિ કૅર ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે સહાય



વિ કૅર ફાઉન્ડેશનના જયંતિભાઈ તથા આર ડી કંબોજ અને જે સી પટેલના હસ્તે ઈન્દ્રોડા સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓને ચોપડા, નોટબૂક, કંપાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ માટે ખાસ યોગનો કાર્યક્રમ પણ સંસ્થા દ્વારા યોજવામાં આવ્યો હતો.

# ગાંધીનગરની સરકારી આયુર્વેદ હૉસ્પિટલ ખાતે સાત દિવસીય આયુર્વેદિક યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

સરકારી આયુર્વેદ હૉસ્પિટલ, સૅક્ટર-૨૨ ખાતે તા. ૨૧થી ૨૭ જૂન દરમિયાન આયુર્વેદિક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આયુર્વેદમાં દર્શાવેલ સ્વસ્થ વૃત્ત અને સદવના સિદ્ધાંતો જેવા કે દિનચર્યા, ઋતુચર્યા વગેરે માટે ઉપયોગી આસનો, પ્રાણાયામ, આહાર-વિહાર, પથ્ય-અપથ્યની જાણકારી સૌને મળી રહે તે માટે આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

૨૧ જૂને સવારે ૭થી ૯ યોગ અને આયુર્વેદ વિષયે ડૉ. ચેતનાબેન જાની, ૨૨મી જૂને પ્રમેહ વિશે ડૉ. મહેશભાઈ બી પરમાર, ૨૩ જૂને મેદરોગ વશે ડૉ. સરોજ દેસી, ૨૪ જૂને પાચનતંત્રના રોગો વિશે ડૉ. મીરાબેન રાજગુરુ, ૨૫ જૂને વાતવ્યાધિ વિશે ડૉ. રાકેશ ભટ્ટ, ૨૬ જૂને માનસરોગ અંગે ડૉ. સરોજબેન દેસાઈ અને ૨૭ જૂને ઉચ્ચ રક્ત ચાપ, હૃદયરોગ વિષે ડૉ. મહેશ બી પરમાર વક્તવ્ય આપશે એમ સરકારી આયુર્વેદ હૉસ્પિટલના પંચકર્મ વૈદ્યની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# રાજ્યની એકમાત્ર સંસ્કૃત બી.એડ. કોલેજ બંધ થઈ

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યમાં સંસ્કૃતમાં બી.એડ કરાવતી અને અમદાવાદમાં આવેલી એકમાત્ર કોલેજ બંધ કરી દેવામાં આવી છે. છેલ્લા ૧૦ વર્ષથી કાર્યરત આ બી.એડ કોલેજમાં પ્રવેશ માટે ફોર્મ ભરનારા વિદ્યાર્થીઓએ હવે અન્ય કોલેજમાં પ્રવેશ માટે રઝળપાટ કરવો પડે તેવી સ્થિતિ ઊભી થઇ છે. અમદાવાદમાં ભાગવત વિદ્યાપીઠ, સોલા ખાતે શિક્ષાશાસ્ત્રી એટલે કે સંસ્કૃત વિષય સાથે બી.એડ થવાની વ્યવસ્થા છે. રાજ્યમાં સંસ્કૃત સાથે બી.એડ થવા માટે વિદ્યાર્થીઓએ આ એક જ કોલેજ પર આધાર રાખવો પડે છે. સંસ્કૃતમાં બી.એડ કોલેજ હોવાથી તે સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સાથે જોડાયેલી છે. ચાલુ વર્ષે વર્ષ ૨૦૧૮થી ૨૦૨૦ માટે બે વર્ષ બી.એડ કરવા માટે યુનિવર્સિટી દ્વારા જાહેરાત આપવામાં આવી હતી. અનેક વિદ્યાર્થીઓએ આ જાહેરાતના અનુસંધાનમાં ૧૦૦ રૂપિયા ફી જમા કરાવીને ફોર્મ ભરી દીધા હતા. મહત્વની વાત એ કે ફોર્મ ભરાયા પછી કોલેજના પ્રિન્સિપાલ દ્વારા દરેક વિદ્યાર્થીઓને ટેલિફોન કરીને એવી સૂચના આપવામાં આવી હતી કે આ બી.એડ કોલેજ બંધ થઇ ગઇ હોવાથી અન્ય કોલેજમાં પ્રવેશ મેળવી લેવો. રાજ્યની એકમાત્ર સંસ્કૃતમાં બી.એડ કરવાની વ્યવસ્થા આપતી કોલેજ બંધ થઈ જતાં સંસ્કૃત માધ્યમ અને સંસ્કૃત મહા વિદ્યાલયોને શિક્ષકો અને અધ્યાપકો જ ન મળે તેવી સ્થિતિ ઊભી થઇ છે. આશ્ચર્યની વાત એ કે કોલેજ બંધ થયાની કોઈ જાણકારી યુનિવર્સિટી સત્તાધીશો પાસે નથી.

# આપણી આસપાસ સેવા-સારપ અને ઉમ્મીદ અકબંધ છે

## જો લોકો સારા કામ માટે પોતાનો સમય-પૈસા કે વિચારનું રોકાણ કરતાં હોય તો એ સમાજ માટે આવકારદાયક ઘટના છે, એને પ્રોત્સાહન આપવું આપણા સહુની ફરજ છે



**અબીલ-ગુલાલ**
મમતા રાવલ

એક સમારંભમાં પરિચિત સ્ત્રી મિત્ર મળ્યા. વાતવાતમાં ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું,'તમારા લેખ હું વાંચું છું. સરસ હોય છે. મને ગમે છે.'આ સાથે એમણે એમ પણ કહ્યું કે,'હું છાપામાં મુખ્ય સમાચારો તો વાંચતી જ નથી,ગાંધીનગરના સ્થાનિક સમાચાર અને આવા લેખપૂર્તિઓ સિવાય કશુંજ વાંચવાનું મન નથી થતું.'કારણ જણાવતાં એમણે કહ્યું કે,'છાપામાં ચોરી, ખૂન, બળાત્કાર, એક્સીડન્ટ અને રાજકારણના સમાચારોથી મન વ્યથિત થઈ જાય છે.....'

એક વિચારક તરીકે મારું મગજ એ મુદ્દા પર થંભી ગયું. સહજ હતી છતાં ખૂબ સાચી હતી એમની વાત. આ સંવાદને લગભગ એક મહિનો થવા આવ્યો છતાં મનમાંથી એ ભૂંસાતો ન હતો. એટલે જ એનું વધુ પૃથક્કરણ થઈ શકે એ હેતુથી લેખ દ્વારા શેર કરવાનું યોગ્ય લાગ્યું. આ સાથે ભૂતકાળમાં ક્યાંકવાંચવામાં આવેલો એક કિસ્સો યાદ આવ્યો. આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિડૉ. એ.પી.જે. અબ્દુલકલામસાથેની ચર્ચાના અંશમાં પ્રકાશિત થયેલી એ સુંદર વાત માનસપટ પર અંકિત થઈ ગયેલી.

શ્રી કલામ સાહેબે એકવાર ઈઝરાયલની મુલાકાતથી પરત આવી અનુભવોની વાત વર્ણવતા કહ્યું હતું કે,'મેં જે આનંદ સાથે આશ્ચર્ય અનુભવ્યું એ વાત હું આપ સૌને કહેવા માંગું છું. ઈઝરાયલ મુલાકાત દરમ્યાન મારુંજ્યાં રોકાણ હતું એની નજીક જ મોટો બોમ્બ વિસ્ફોટ થયો હતોઅને ખૂબ જાનહાની – માલહાની પણ થઈ હતી. હું એની વિગતો જાણવા ઉત્સુક હતો. બીજા દિવસે સવારે જ્યારે મેં ન્યુઝપેપર ઉથલાવ્યું ત્યારે આશ્ચર્ય થયું. એ બોમ્બ વિસ્ફોટના સમાચાર વચ્ચેના કોઈક પાના પર, નાના અક્ષરે છપાયેલા હતાઅને ફ્રન્ટ પેજ પર રંગબેરંગી ફૂલોથી છવાયેલા ગાર્ડનની તસ્વીર હતી.'

અબ્દુલ કલામજી દ્વારા કહેવાયેલી આ વાત મનમાં ઉંડી છાપ છોડી ગઈ. મોટા ભાગના માણસો છાપા ન્યુઝપેપર જેટલી ચાવથી વાંચે છે, એટલી પુસ્તક વાંચન પ્રત્યે પ્રીતિ નથી હોતી. આપણે જાણીએ છીએ કે અખબારનું કામ છે, દેશ અને દુનિયામાં બનતી અનેકવિધ સારી-ખરાબ ઘટનાઓને લોકો સુધી પહોંચાડવાનું, લોકોમાં જાગૃતિ લાવવાનું. પરંતુ એમાં આપણે શરૂઆતમાં જે પ્રતિક્રિયા જોઈ એવી પ્રતિક્રિયા મોટાભાગના લોકોની જોવા મળે છે.

હમણાં જ એક અખબારમાં પોઝીટીવ ન્યુઝની પૂર્તિમાં ગૌહાટીના સૌરઊર્જાથી સંચાલિત નવા રેલ્વેસ્ટેશન વિશે જાણવા મળ્યું ત્યારે આવા પોઝીટીવ સમાચાર વાંચીને ખૂબ આનંદ થયો. અનેક લોકો, સમૂહો અને સંસ્થાઓ દ્વારા બિરદાવવાલાયક કામો થાય છે. અનેક નવા સંશોધનો અને જીવન જીવવાની ધગશ વધે એવા કાર્યો થાય છે. આશાવાદ પાંગરે એવી ઘટનાઓને બહાર લાવવાની જરૂર છે. કોઈ પણ મોટા લોકોપયોગી કામો સારી રીતે કરવા લોક સમુદાય–સંસ્થાઓના સાથની જરૂર વર્તાય છે. સેવાના મૂળભૂત હેતુ સાથે કામ કરતી સંસ્થાઓ સક્રિય રીતે આવા અભિયાનના હેતુ માટે ચોક્કસ કામ કરે છે. 'જળ બચાવ', 'જળ સંચય' અભિયાન, બીટ પ્લાસ્ટીક પોલ્યુશન, સ્વચ્છતા અભિયાન, યોગ દિવસની ઉજવણી...આવી કંઈ કેટલીય બાબતોમાં સહકારથી, વ્યક્તિગત રીતે, સમૂહમાં તથા સંસ્થાકીય ધોરણે ખૂબ સારાં કામો થાય છે. જીવન જરૂરિયાતની વસ્તુઓની વહેંચણી, હેલ્થ ચેક-અપ કેમ્પસ, આંખની સંભાળ અને મફત ઓપરેશન્સ, પોલીયોનાબુદી માટેનું અભિયાન, ગરીબ-પછાત બાળકોને પ્રોત્સાહન આપી પ્લેટફોર્મ આપતાં કાર્યક્રમો,રક્તદાન જેવી અનેક સેવા સમાજમાંથી પૈસા ઉઘરાવીને અથવા ગાંઠનું ગોપીચંદન કરીને કરવામાં આવે છે. લાભ મેળવતા લોકોનો આનંદજ આવી 'સેવા'નો સંતોષ હોય છે. હા શક્ય છે કે, બે-ચાર વધુ ફોટા દ્વારા એ સંતોષની અભિવ્યક્તિ થતી હોય પરંતુ એના કારણે થઈ રહેલા કામની કિંમત બિલકુલ ઓછીના આંકી શકાય.

ગમે તે કારણ થકી પણ જો લોકો સારા કામ માટે પોતાનો સમય-પૈસા કે વિચારનું રોકાણ કરતાં હોય તો એ સમાજ માટે આવકારદાયક ઘટના છે,એને પ્રોત્સાહન આપવું આપણા સહુની ફરજ છે. હવે બીજા અનેક ડીજીટલ માધ્યમોથી સારી પોઝીટીવ બાબતોની જાણકારી આપણાં સુધી પહોંચે છે. રૂબરૂમાં અથવા બીજા કોઈ પણ માધ્યમથી એને બિરદાવતાં રહીએ.



શહેરના એક ખૂણામાં સોનાની ચેઈન ખેંચાવાના બનાવના સમાચાર વાંચીએ ત્યારે એ સિવાયના હજારો લોકોના ગળાનું ઘરેણું સલામત છે, એ ભૂલાવું ન જોઈએ. ગુનાહીત વૃતિ અને અનિચ્છનીય ઘટનાઓ મહાભારત અનેરામાયણકાળથી ચાલતી આવે છે. હા આવી ઘટનાઓ ચિંતાજનક જરૂર છે. પરંતુ સારી ઘટનાઓનો પ્રસાર અને સ્વીકાર પણ એટલો જ જરૂરી છે. નાનકડો દેશ જાપાન તેના પર થયેલા પરમાણુ હુમલાના આતંક-ભય-દહેશતમાંથી બહાર આવી એક શ્રેષ્ઠ રાષ્ટ્ર બનવા તરફ સતત ઉન્નત મસ્તકે ગતિ કરી રહ્યું છે, એમાં રાષ્ટ્રના વડા સાથે પ્રજાનો મોટો હાથ અને સાથ હોવાનું કારણભૂત છે.સમાજમાં કે દુનિયામાં માત્ર ચિત્કારનું જ વાતાવરણ છે, એવુંનથી રાજકારણમાં પક્ષોની લડાઈ થકી એક-બીજા પર ઉછાળાતાં કાદવથકી આપણને ચારેકોર દહેશત અને અસલામતીનું વાતાવરણ જ અનુભવાય છે. પરંતુ ખૂબ નાના સ્તરથી શરૂ કરીને મોટા ફલક સુધી સેવા-સારપ અને ઉમ્મીદ હજુ અકબંધ છે. જરૂર છે એ દષ્ટિકોણ કેળવવાની અને એવી વાતોના ફેલાવાની. સમાજની બલિહારી એ છે કે,પોઝીટીવ–પ્રગતિશીલ સમાચારોમાં રસ ઓછો થતો જાય છે. માત્ર ચર્ચાની એરણે ચડી શકે અને ચગળવામાં મજા આવે એવા વિષયો ખૂબ ડિમાન્ડમાં રહે છે. આપણી આસપાસ બનતી નાનામાં નાની સારી બાબતની નોંધ લઈ, નવાજી એને બહોળા વર્ગ સુધી પહોંચાડવાની નેમ લઈશું તો હકારાત્મકતાના પ્રસારમાં આપણું 'ખિસકોલી યોગદાન' આપણાં પોતાના આનંદ અને સુખ-શાંતિમાં ઉમેરો કરશે.

**સમાજની બલિહારી એ છે કે,પોઝીટીવ–પ્રગતિશીલ સમાચારોમાં રસ ઓછો થતો જાય છે. માત્ર ચર્ચાની એરણે ચડી શકે અને ચગળવામાં મજા આવે એવા વિષયો ખૂબ ડિમાન્ડમાં રહે છે. આપણી આસપાસ બનતી નાનામાં નાની સારી બાબતની નોંધ લઈ, નવાજી એને બહોળા વર્ગ સુધી પહોંચાડવાની નેમ લઈશું તો હકારાત્મકતાના પ્રસારમાં આપણું ' ખિસકોલી યોગદાન 'આપણાં પોતાના આનંદ અને સુખ-શાંતિમાં ઉમેરો કરશે**